# ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ  હેકેથોન 2019 સ્પર્ધા અંતર્ગત વિદ્યાર્થીઓ માટે જરૂરી સુચનાઓ

1. ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ હેકાથોન સ્પર્ધા ૨૦૧૯ ના રીજીયોનલ રાઉન્ડ નીચે જણાવ્યા મુજબ યોજવાનું નક્કી કરવામા આવેલ છે.

| Venue | IITRAM,<br>Maninagar | AURO Uni.,<br>Surat | MARWADI Uni.,<br>Rajkot | BVM,<br>V.V.Nagar |
|---|---|---|---|---|
| Date | 19-20 February 2019 | 19 -20 February 2019 | 21-22 February 2019 | 21-22 February 2019 |

2. ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ હેકાથોન સ્પર્ધા ૨૦૧૯ નું વિગતવાર સમયપત્રક http://ssipgujarat.in/gih વેબસાઈટ પર ઉપલબ્ધ છે.
3. ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ હેકાથોન સ્પર્ધા ૨૦૧૯ માં ભાગ લેનાર વિદ્યાર્થીઓએ પોતાના મેન્ટર્સ સાથે ઉપર જણાવ્યા મુજબની તારીખ અને સ્થળે સમયસર હાજર રહેવાનું રહેશે.
4. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ ટીમ સાથે મેન્ટર આવવા જરૂરી છે.
5. ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ હેકાથોન સ્પર્ધા ૨૦૧૯ માં ભાગ લેવા બાબતનું બાંહેધરી પત્રક તમામ વિદ્યાર્થીઓએ અને મેન્ટરે ભરવાનું રહેશે અને ભરેલ બાંહેધરી પત્રક સંસ્થા અને સ્પર્ધાના સ્થળે જમા કરાવવાનું રહેશે. બાંહેધરી પત્રકનો નમુનો http://ssipgujarat.in/gih વેબસાઈટ પર મુકવામાં આવેલ છે.
6. આ સ્પર્ધા બે દિવસ માટે અને સતત ૩૬ કલાક ચાલનાર છે તથા બે દિવસ માટે સંસ્થા/વતનના સ્થળથી દુર રહેવાનુ હોઈ  તમામ વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લેવા બાબતે માતાપિતાની લેખીત મંજુરી લેવાની રહેશે અને તેનીવિગતો સંસ્થામાં જમા કરાવવાની રહેશે.
7. આ સ્પર્ધામાં જે વિદ્યાર્થીઓને અન્ય શહેરની સંસ્થામાં ભાગ લેવા જવાનું હોય, તેઓએ સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસ(Non AC)/ટ્રેન(સ્લીપર કલાસ(Non AC))માં કરેલ મુસાફરીની ટીકીટનું ભાડું પોતાની સંસ્થામાંથી મેળવી લેવાનું રહેશે.
8. ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ હેકાથોન સ્પર્ધા ૨૦૧૯ માટે સંસ્થા લેવલે વિદ્યાર્થીઓ અને મેન્ટર્સને મદદરૂપ થવા માટે એક નોડલ ઓફીસરની નિમણુંક સંસ્થા કક્ષાએ કરેલ હશે. આ નોડલ અધિકારીનું નામ, મોબાઈલ નંબર જેવી વિગત તમામ વિદ્યાર્થીઓએ મેળવી લેવાની રહેશે.
9. ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ હેકાથોન સ્પર્ધા ૨૦૧૯ નો આ તબક્કો Hardware/Software Edition છે, જેમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓએ સંબંધિત પ્રોબ્લેમનાં નિરાકરણ માટે જરૂર જણાય ત્યાં Coding કરવાનું હોઈ, વિદ્યાર્થીઓએ પોતાની સાથે પોતાનું લેપટોપ તથા અન્ય જરૂરી એસેસરીઝ પણ લાવવાની રહેશે. આ લેપટોપમાં જરૂરી સોફ્ટવેર પ્રી-ઈંસ્ટોલ કરવાના રહેશે અને સોફ્ટવેરના લાઈસન્સ સંબંધિત તમામ જવાબદારી વિદ્યાર્થીની રહેશે.
10. વિદ્યાર્થીઓએ સ્પર્ધાના પ્રથમ દિવસે સમયપત્રકમાં દર્શાવ્યા મુજબ સંબંધિત સ્થળે હાજર રહેવાનુ રહેશે અને બીજા દિવસે પોતાની સંસ્થા/વતન પરત ફરવાનું રહેશે. આ સ્પર્ધાના બન્ને દિવસ દરમ્યાન વિદ્યાર્થીઓએ ટીમ લીડર તથા મેન્ટર ફેકલ્ટી દ્વારા આપવામાં આવતી તમામ સુચનાઓનું વિદ્યાર્થીઓએ પાલન કરવાનુ રહેશે.
11. સ્પર્ધાના સ્થળે વિદ્યાર્થીઓને આરામ કરવા માટે રેસ્ટ રૂમની વ્યવસ્થા સંબંધિત યજમાન સંસ્થા દ્વારા પુરી પાડવામાં આવશે.
12. સ્પર્ધાના સ્થળે વિદ્યાર્થીઓ માટે ચા-કોફી-નાસ્તો-લંચ-ડીનરની વ્યવસ્થા સંબંધિત યજમાન સંસ્થા દ્વારા પુરી પાડવામાં આવશે.
13. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓએ સ્પર્ધાના સ્થળે વખતોવખત આપવામાં આવતી તમામ સુચનાઓનું પાલન કરવાનું રહેશે તથા શિસ્ત અને સ્વચ્છતા જાળવવાની રહેશે.
14. ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ હેકાથોન સ્પર્ધા ૨૦૧૯ માં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓની ટીમોએ તેઓના પ્રોબ્લેમના સોલ્યુશન માટે જરુરી પ્રોટોટાઈપ, કમ્પોનંટ અને અન્ય સાધન સામગ્રી સાથે લઈને આવવાનુ રહેશે.
15. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓએ લેપટોપ, મોબાઈલ તથા અન્ય કિંમતી સામાન સાચવવાનો રહેશે. જો કોઈ સામાન ખોવાશે તો તેની સઘળી જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે. આ બાબતે યજમાન સંસ્થા/વ્યવસ્થાપકની કોઈ જવાબદારી રહેશે નહીં.